**DATE: 12/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–08**

# ઝઘડિયા GIDC ફાયરીંગ પ્રકરણ: પોલીસે 3 પિસ્તોલ અને પાંચ વાહનો કબ્જે કર્યાં

**બે જૂથો વચ્ચે ધમાસાણમાં હિચકારા હુમલાથી સમગ્ર પંથકમાં દહેશત વર્તાઈ હતી: અત્યાર સુધી 22 આરોપીઓની ધરપકડ, ત્રણ હજુ વોન્ટેડ**



વિનોદ વસાવા

ઝઘડિયા,ભરૂચ: ઝઘડિયા GIDCમાં બે જૂથ વચ્ચે ધંધાકીય હરીફાઈમાં આઠ દિવસ પહેલા ફાયરીંગ તેમજ હિચકારો હુમલો પ્રકરણની ઘટના બની હતી. પોલીસે તપાસમાં ફાયરીંગમાં વપરાયેલી ૩ જેટલી દેશી બનાવટની પિસ્તોલ તેમજ ગુનામાં વપરાયેલા પાંચ વાહનો કબજે કર્યાં છે. સમગ્ર પ્રકરણમાં હજુ ત્રણ આરોપી વોન્ટેડ હોવાથી તેમજ તમામ ૨૨ આરોપીઓ રિમાન્ડ દરમિયાન જે નામ ખુલે તો એની સામે પોલીસ ગતિવિધિ કરે એમ જાણવા મળ્યું છે.

તા. ૩જી જુને ઝઘડિયા GIDCમાં બે હરીફ રાજકીય પાર્ટીના ધંધાકીય જૂથો વચ્ચે ધમાસાણમાં ફાયરીંગ કરવાની ઘટના બનતાં આખો વિસ્તારમાં દહેશત ફેલાઈ ગઈ હતી.

આખા પ્રકરણમાં પોલીસ ફરિયાદ દાખલ થયા બાદ વધુ નામો આવતા જયમીન પટેલ સહીત ૨૨ જણાને પોલીસે દબોચી લીધા હતા. રવિવારે અંકલેશ્વરના DYSP ચિરાગ દેસાઈ પત્રકાર પરિષદમાં માહિતી આપતાં જણાવ્યું હતું કે ઝઘડિયા GIDC ફાયરીંગ પ્રકરણમાં હમણાં સુધી ૨૨ આરોપીને ઝડપી પાડ્યા છે. ખાસ કરીને ફાયરીંગમાં વપરાયેલી દેશી બનાવટની ૩ નંગ પિસ્તોલ અને આખી ઘટનામાં વપરાયેલી પાંચ વાહનો અમે રીકવર કરીને કબજે લીધી છે. ઉલ્લેખનીય એ છે કે પોલીસે અલ્ટો, ફોર્ચ્યુંનર, થાર અને ક્રેટા કાર કબજે લીધી છે.

**DATE: 12/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–08**



# ભરૂચમાં બે હજાર પોલીસ જવાનો માનવીય સુરક્ષા માટે તત્પર, CPR ટ્રેનિંગ લીધી

**હૃદયરોગના** હુમલામાં ફર્સ્ટ રિસ્પોન્ડર બની કોઈનો જીવ કઈ રીતે બચાવી શકાય તે શીખ્યાં, અંગદાનના શપથ પણ લીધાં

ભરૂચઃ મહામારી કોરોના બાદ દિવસેને દિવસે કાર્ડિયાક એરેસ્ટના વધતા કેસો સામે ગુજરાત સરકાર અને ભાજપ દ્વારા સમગ્ર રાજ્યમાં ૫૧ સ્થળોએ ૫૫ હજાર પોલીસ જવાનોને CPR ટ્રેનિંગ આપવાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ભરૂચના SP, DYSP, PI, PSI સહિત બે હજાર પોલીસે ફર્સ્ટ રિસ્પોન્ડર બની અચાનક બંધ પડેલા હૃદયને ફરીવાર ધબકતું કરવા CPRની તાલીમ લીધી હતી.

ભરૂચ જિલ્લામાં પણ ભાજપ ડોક્ટર સેલ, આરોગ્ય વિભાગ, IMA અને મેડિકલ સ્ટાફ દ્વારા ભરૂચ મેડિકલ કોલેજ ખાતે સીપીઆર ટ્રેનિગ આપવામાં આવી રહી છે. જેમાં દિવસભર બે હજારથી વધુ પોલીસ જવાનોને હૃદયરોગના હુમલામાં ફર્સ્ટ રિસ્પોન્ડર બની કોઈનો જીવ કઈ રીતે બચાવી શકાય તેની તાલીમ અપાઈ હતી. ભરૂચમાં કિરણ પટેલ મેડિકલ કોલેજમાં CPR ટ્રેનિંગમાં જિલ્લા પોલીસ વડા ડો. લીના પાટીલ, DYSP સી.કે.પટેલ, ગાંગુલી, PI, PSI, મેડિકલ કોલેજ અને સિવિલના તબીબો, સ્ટાફ સહિત મોટી સંખ્યામાં હજાર રહ્યાં હતાં. અચાનક હૃદય બંધ પડી જવાની ઘટનામાં કઈ રીતે સીપીઆર આપી ૧૦ મીનિટના ગોલ્ડન પિરિયડમાં દર્દીનો જીવ બચાવી શકાય તેની તાલીમ આપવામાં આવી હતી. કોઈપણ ઇમરજન્સીમાં પોલીસ ઘટના સ્થળે પ્રથમ પહોંચે છે ત્યારે સેવા, સુરક્ષા આપતી પોલીસ હવે CPR થકી સ્વાસ્થ્ય પણ પ્રદાન કરી લોકોના જીવ બચાવવામાં ભૂમિકા ભજવી શકશે તેમ DSPએ જણાવ્યું હતું. આ તબક્કે તમામે અંગદાનના શપથ પણ લીધા હતાં.

**DATE: 12/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–08**

# કહાન ગામે વાછરડાના 50 કિલો ગૌમાંસ અને કતલ માટે લવાયેલી ગાય સાથે બેની ધરપકડ

**બાતમીને** આધારે પાલેજ પોલીસની કાર્યવાહી: 20 હજારની 3 ગાય, છરા-ચપ્પા સહિત 25 હજારનો મુદ્દામાલ જપ્ત



ભરૂચ: કહાન ગામે ગેરકાયદે ૫૦ કિલોગ્રામ ગૌવંશ વાછરડાનું માંસ તેમજ ત્રણ વસુંકી ગયેલી ગાય સાથે બે કસાઈઓની પાલેજ પોલીસે ધરપકડ કરી છે. સાથે છરા, ચપ્પા, પતરી સહીત કુલ રૂ. ૨૫,૫૦૦/- મત્તાનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

પાલેજ PI એસ.એમ.દેસાઈને એવી બાતમી મળી હતી કે કહાન બંધુકીયા કોલોનીમાં રહેતો મહંમદ ઈબ્રાહીમ ટેકરાવાલા પોતાના રહેણાંકવાળા મકાનની બાજુમાં આવેલા તબેલામાં ગૌવંશનું કતલ થાય છે.

જે બાતમીને આધારે પોલીસે રેડ કરેતા ગુલામ મહંમદ ઈબ્રાહીમ ટેકરાવાલા (ઉ.વ.૫૯ રહે કહાન, બંધુકિયા કોલોની) તેમજ (મુનાફ યાકુબ પીરા ઉ.વ.૪૩ રહે. ઈખર બસસ્ટેન્ડ પાસે, તા.આમોદ) ને ઝડપી લઈને વાછરડાનાં કતલ કરેલા ગૌમાંસના ટુકડાઓ ૫૦ કિલોગ્રામ વજન કિંમત રૂ. ૫૦૦૦/-નો મુદ્દામાલ, એક મોબાઈલ કિંમત રૂ.૫૦૦/, વસુંકી ગયેલી દુબળી, પાતળી ૩ ગાયો કિંમત રૂ. ૨૦,૦૦૦/- મળીને કુલ રૂ.૨૫,૫૦૦/- મત્તાનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

પાલેજ પોલીસે ગુજરાત પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ-૨૦૧૭ તેમજ પશુ ઘાતકીપણા અધિનિયમ-૧૯૬૦ હેઠળ ગુનો નોંધીને વધુ કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 12/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

## બાઇકના માલિક દાહોદના હોવાનું ખુલ્યું

# અંકલેશ્વરમાં કથિત ચોરીની બાઈક સાથે 3 યુવાન ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર શહેરના ચૌટાનાકા પાસે પોલીસ વાહન ચેકિંગ કરી રહી હતી દરમિયાન એક હોનેટ બાઇક લઈને આવી રહેલાં 3 યુવાનોને રોકવામાં આવ્યાં હતાં. પોલીસે તેમના નામ પૂછતા તેમણે સુજલ બ્રહ્મભટ્ટ (રહે, સુરતી ભાગોળ),કલ્પેશ વસાવા (રહે,નવી વસાહત) અને ત્રીજો મૉનષ વસાવા રહે ( ભાંગવાડ) ના હોવાનું જણાવ્યું હતું. પોલીસે તેમની પાસે બાઈકની માલિકીના કાગળો માગતા તેઓ રજૂ કરી શક્યાં ન હતાં. પોલીસે ઈ-ગુજકોપ પોકેટકોપ એપની મદદથી તપાસ કરતાં આ બાઈકના માલિક દાહોદના રસોઈ ગામના રમણ ભાભોર હોવાનું જણાયું હતું. આ બાઈક તેમની પાસે કેવી રીતે આવી તેનો ત્રણેય લબરમુછીયા જવાબ આપી શક્યાં ન હતાં. હાલ તો પોલીસે તેમની અટકાયત કરી પુછપરછ આદરી છે.

**DATE: 12/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

## પોલીસે કુલ 3.12 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

# પીપલોદથી ભંગાર વેચવા આવેલાં બે ઈસમો સકંજામાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

સુરતના પીપલોદથી શંકાસ્પદ ભંગાર વેચવા માટે આવી રહેલાં બે ઇસમોને પોલીસે ઝડપી પાડયાં છે. અંકલેશ્વરમાં ભંગારના વેપારીઓને ત્યાં ચોરીનો સામાન વેચવા માટે તસ્કરોના ફેરા રહેતાં હોવાથી પોલીસ ચાંપતી નજર રાખી રહી છે.

સુરત તરફ થી એક પીકઅપ ગાડીમાં શંકાસ્પદ ભંગારનો જથ્થો અંસાર માર્કેટમાં વેચાણ માટે બે ઇસમો આવતાં હોવાની બાબતી મળતાં પોલીસે વોચ ગોઠવી હતી. શંકાસ્પદ બોલેરો આવતાં તેને રોકી તલાશી લેવામાં આવતાં તેમાંથી ભંગારનો જથ્થો મળી આવ્યો હતો. બોલેરોમાં સવાર અને સુરતના પીપલોદના રહેવાસી ઉમેશ પડિ અને ફૂલચંદ કલોજીયા પાસેથી ભંગારની માલિકીના પુરાવા ન મળતાં તેમની અટકાયત કરવામાં આવી હતી. પોલીસે 2,630 કિલો ભંગાર તેમજ 3 લાખ ની પીકઅપ બોલેરો ગાડી મળી 3.12 લાખ નો મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 13/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–07**

### બે બૂટલેગરની અટક : બે બૂટલેગરોને વૉન્ટેડ જાહેર કરાયા

# પાલેજ નજીકથી રૂા.૬૯.૬૯ લાખનો દારૂનો જથ્થો ઝડપાયો

## પોલીસે દારૂ સહિત કુલ રૂા.૮૧,૭૩,૩૪૦ નો મુદ્દામાલ જપ્ત કરાયો

| ભરૂચ-પાલેજ |

ભરૂચ એલ સી બી પોલીસને મળેલી બાતમી ના આધારે પાલેજ હાઈવે સીટી પોઈન્ટ હોટલ સામે ગત સાંજે વાહન ચેકીંગ ડ્રાઈવ દરમીયાન પશ્ચિમ (ગોવા) ખાતેથી ટ્રક માં બીલ્ટી મુજબ નો માલ નહિ ભરી વિદેશી દારૂ વહન કરી વડોદરા ગોલ્ડન ચોકડી બાદ કોઈ અજાણ્યા ઇસમને આપવા જતાં બે ઇસમો મોહસીન પઠાણ અને રવી ડામર ઝડપાઈ ગયા હતાં. ટ્રક સહિત કુલ રૂ.૮૧.૭૩.૩૪૦નો મુદ્દામાલ જપ્ત કરાયો હતો.

ભરૂચ જિલ્લામાંથી પસાર થતા નેશનલ હાઈવે પર પાલેજ નજીકની સીટી પોઈન્ટ નજીક ટ્રકમાંથી જંગી વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડવામાં એલસીબી પોલીસને સફળતા પ્રાપ્ત થઈ હતી. એલસીબી પોલીસે સઘન તપાસ કરતા વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો હતો. રૂ.૮૧ લાખ કરતા વધુની કિંમતના દારૂ સહિતના મુદ્દામાલને જપ્ત કરી બે બુટલેગરોની અટક કરવામાં આવી હતી જ્યારે બે ને વોન્ટેડ જાહેર કરાયા હતા.



**ઝડપાયેલા અને વૉન્ટેડ બૂટલેગરો**

૧) મોહસીનખાન સિરાજખાન મેવાતી, રહે ખરગોન, મધ્યપ્રદેશ, ૨) રવિ કમલેશ ડામરા, રહે ધાર, મધ્યપ્રદેશ, ૩) આરીફખાન રહેમાનખાન, રહે ખરગોન, મધ્યપ્રદેશ (વોન્ટેડ) અને ૪) ઈમરાન જકીરભાઈ નામ-સરનામું નથી (વોન્ટેડ)

આ બનાવ અંગે વધુ વિગતે જોતા પીએસઆઈ પી.એમ.વાળા રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર પેટ્રોલીંગમાં હતા ત્યારેખાનગી રાહે બાતમી મળી હતી કે, રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર ટ્રકમાં વિદેશી દારૂનો જથ્થો પસાર થનાર છે. આ ટ્રક સુરતથી વડોદરા તરફ જઈ રહી છે. આ અંગે વોચ ગોઠવતા અને બાતમી મુજબની ટ્રક સીટી પોઈન્ટ હોટલ પાસેથી પસાર થતા ટ્રક ઉભી રખાવી તપાસ કરી હતી. તપાસ દરમ્યાન ટ્રકના ડ્રાઈવર, કંડકટરે જણાવ્યુ હતુ કે, ટ્રકમાં જનરેટર છે. તેમ છતાં એલસીબી પોલીસે પ્લાયના બે મોટા બંધ બોક્ષ ખોલી તપાસ કરતા વિદેશી દારૂ ઝડપાયો હતો. આ દારૂ બુટલેગરોએ ગોવાથી મેળવ્યો હતો અને વડોદરા ગોલ્ડન ચોકડીથી હાલોલ તરફ ૨૦ થી ૩૦ કીલોમીટર આગળ જઈ સ્ટેન્ડ થઈ આગળ સુચના મળે તે પ્રમાણે કોઈ અજાણ સ્થળે પહોંચાડવાનો હતો.

**DATE: 13/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

# ભરૂચમાં 15 ભેંસોને પોલીસે મુકત કરાવી

ભરૂચ | ભરુચના નેશનલ હાઈવે પર વડદલા ગામ નજીક પોલીસ તથા ગૌરક્ષકોએ એક ટ્રકને રોકી હતી જેમાંથી 15 જેટલી ભેંસો અને એક પાડો મળી આવ્યો હતો. ડ્રાઈવર ભરૂચની લીંબુછાપરી ખાતે રહેતો સલીમ પઠાણ અને ક્લીનર વલણ ગામનો મિન્હા હતો. બંનેએ પોલીસને જણાવ્યું હતું કે, વલણથી ભેંસો ભરીને તેને મહારાષ્ટ્ર લઈ જવામાં આવી રહી હતી. હાલ તો પોલીસે તમામ પશુધનને મુક્ત કરાવીને વધુ તપાસ હાથ ધરી છે.

DATE: 13/05/2023 CATEGORY: GREEN
E-PAPER DIVYABHASKAR PAGE–04

# અંકલેશ્વરમાંથી દારૂ ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

નેત્રંગ તાલુકાના કંબોડીયા ગામના અશોક મારવાડીએ કારમાં દારૂનો જથ્થો ભરી ને ભડકોદ્રા ગામની સિદ્ધેશ્વર બંગ્લોઝ માં રહેતા તેના ભાઈ હેમરાજ માલીના ઘરે મોકલ્યો હતો. આ દારૂનો જથ્થો આવતાંની સાથે પોલીસે દરોડો પાડયો હતો જેમાં દારૂની 576 બોટલ અને બિયરના 96 ટીન મળી આવ્યાં હતાં. પોલીસે 3 લાખની કાર અને 96 હજારના દારૂ સહિત 4.01 લાખનો મુદામાલ જપ્ત કરી અશોક મારવાડી સહિત 4 આરોપીને ફરાર જાહેર કર્યા છે.

**DATE: 13/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# અંકલેશ્વરના ગુનામાં ફરાર બૂટલેગર ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર.

ભરૂચ જિલ્લામાંપ્રોહિબિશન ના વોન્ટેડ મુખ્ય સપ્લાયરઅને મુખ્ય રીસીવર ઝડપી પાડવા નીવિશેષ ડ્રાઈવયોજવામાંઆવી હતી. ઓલપાડના સાયણ ખાતે શિવમ રેસિડેન્સીખાતે રહેતામુખ્ય સપ્લાયરઅને મુખ્ય રીસીવર મૂળ રાજસ્થાનનાઓમ પ્રકાશ ઉર્ફે ઓમ ગુર્જર અને તેમજ મૂળ રાજસ્થાનના અને સુરતના કામરેજની માધવ દર્શન સોસાયટી ખાતે મહેન્દ્ર કલાલને પણ ઝડપી પાડ્યો હતો.

**DATE: 14/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### અંદાડા ગામે દારૂ ઝડપાયાં બાદ ફરાર થઇ ગયો હતો

# દારૂના ગુનામાં ફરાર પોલીસ પુત્ર 6 મહિના બાદ સકંજામાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

છેલ્લા 6 મહિનાથી બી ડિવિઝન પોલીસ મથકે વોન્ટેડ પોલીસ પુત્ર બુટલેગર સહદેવ ઉર્ફે કરણ વસાવાને પોલીસે ઝડપી પાડ્યો હતો. પોલીસે 6 નવેમ્બર 2022 ના રોજ અંદાડા ગામ ખાતે થી દારૂનો જથ્થો ઝડપી પાડયાં બાદથી આરોપી ફરાર હતો.

અંકલેશ્વર તાલુકાના અંદાડા ગામ ખાતે જ્યોતિ વસાવાના ઘરે રીક્ષામાં દારૂ લઈ આવેલ ભાંગવાડના વિજય ઉર્ફે શંકર વસાવાને પોલીસે ઝડપી પાડ્યો હતો. પોલીસે રીક્ષા તેમજ 26 હજાર રૂપિયાની 291 બોટલ દારૂનો જથ્થો કબજે કર્યો હતો. પોલીસે બંનેની ધરપકડ કરી પૂછપરછ હાથ ધરી હતી.

જેમાં દારૂનો જથ્થો નવા કાંસીયાના પોલીસ પુત્ર બુટલેગર કરણ ઉર્ફે સહદેવ જેસંગ વસાવાએ મોકલ્યો હોવાની કબૂલાત કરી હતી. છેલ્લા 6 મહિનાથી પોલીસ પકડથી દૂર રહેલા આરોપીને આખરે ઝડપી પાડવામાં આવ્યો હતો. આરોપી અત્યાર સુધી ક્યાં છુપાયો હતો અને કોણે આશરો આપ્યો હતો તેની વિગતો મેળવવામાં આવી રહી છે.

**DATE: 14/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# નવા દીવાનો ફરાર બૂટલેગર ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

નવા દીવા ગામ ખાતે શામજી ફળિયામાં રહેતો કિશન વસાવા છેલ્લા ઘણા સમય થીએ ડિવિઝન પોલીસ મથકે નોંધાયેલા પ્રોહિબિશનના ગુનામાંવોન્ટેડ હતો અને પોલીસ પકડથીનાસતોફરતો હતો. આરોપી નવા દીવા ખાતે આવ્યો હોવાની ચોક્કસ માહિતી પોલીસની ટીમ ને મળતા ગત રાત્રી ના તેને તેના ઘરે થી આબાદ ઝડપી પાડ્યો હતો. અને તેની પૂછપરછ આરંભી હતી

**DATE: 14/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### ભરૂચ જિલ્લામાં મહત્વના પ્રોજેક્ટો પરથી ચોરીના બનાવો વધ્યાં

# બુલેટ ટ્રેનની સાઈટ પરથી કેબલની ચોરીમાં આમોદનો તસ્કર ઝડપાયો

ભાસ્કરન્યૂઝ|ભરૂચ

ભરૂચ તાલુકાના પાદરીયા ગામે રહેતાં અને બુલેટ ટ્રેન પ્રોલજેક્ટમાં એલએન્ડટીના કોન્ટ્રાક્ટમાં જય અંબે સિક્યુરીટી સર્વિસીસના સુપરવાઇઝર તરીકે ફરજ બજાવતાં સચીન યાદવે ફરિયાદ નોંધાવી હતી કે, ત્રાલસા ગામેથી આમોદના વાતરસા કોઠી ગામ સુધીના વિસ્તારમાં સિક્યુરિટીનું કામ તેમની એજન્સીનું છે. દરમિયાનમાં રાત્રીના બે અઢી વાગ્યાના અરસામાં પીપલીયા ગામ પાસે આવેલાં ચેનેજ ખાતે સિક્યુરિટી ગાર્ડ તરીકે ફરજ બજાવતાં સલીમ અબ્દુલ્લાએ ફોન કરી જાણ કરી હતી કે, તેમણે કેબલ ચોરનાર એક શખ્સને ઝડપી પાડ્યો છે. તેમણે સ્થળ પર પહોંચી તપાસ કરતાં તેનું નામ નરેશ રમેશ સલાટ (રહે. આમોદ પશુદવાખાના પાસે) હોવાનું માલુમ પડ્યું હતું. તેની પાસેથી ચોરી કરેલો 16 હજારની મત્તાનો 8 મીટર કોપર વાયરનો જથ્થો મળી આવ્યો હતો. તેણે તેની સાથે ગોપી બાબુ સલાટ નામનો અન્ય શખ્સ પણ હોવાનું કબુલ્યું હતું. બનાવ સંદર્ભે તેમણે આમોદ પોલીસ મથકે ફરિયાદ નોંધી આગળની કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ,ભરૂચ જિલ્લામાં બુલેટ ટ્રેન, એક્સપ્રેસ હાઈવે, ગુડ્સ ટ્રેન સહિતના પ્રોજેક્ટની કામગીરી ચાલી રહી છે જેના કારણે મટીરીયલનો મોટા પ્રમાણમાં સંગ્રહ કરવામાં આવે છે.

**DATE: 14/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### સીસીટીવીના આધારે તસ્કરની ઓળખ થઇ

# મહારાષ્ટ્રથી બાઈક ચોરી કરીને ભાગેલો યુવાન ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

મહારાષ્ટ્રમાંથી ચોરી થયેલ બાઈક સાથે ચોર સીસીટીવીના આધારે અંકલેશ્વરમાંથીઝડપી પાડ્યો હતો.

મહારાષ્ટ્રના નંદુરબાર તલોદ ખાતે તાજેતરમાં બાઈક ચોરીનો ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ભાજીવાળીમાર્કેટ માંથી બાઈક ચોરીની ઘટના સીસીટીવીમાં કેદ થઇ જવા પામી હતી જે બાઈક ચોરી અંગે નંદુરબાર પોલીસ તપાસ કરી રહી હતી તે દરમિયાન પોલીસની ટીમ ને ચોક્કસ માહિતી મળી હતી કે નંદુરબાર મહારાષ્ટ્રમાંથી બાઈક ચોરી ના ગુના નો આરોપી અંકલેશ્વર જીઆઈડીસી બસ ડેપો વિસ્તાર માં ફરી રહ્યો છે. જે આધારે પોલીસે અક્કલકુવા તાલુકાના કાઠીરા ઉતપાડાગામ નો દેવદાસ કૈલાશ રાઉતને દબોચી લીધો હતો. તેણે ચોરીની બાઈક સાનવાઈમાગામના અનાજ કરિયાણાની દુકાન સંચાલકને બાઈક વેચી હોવાની કબૂલાત કરી હતી. તલોદ પોલીસનો સંપર્ક કરી તેમને બાઈકચોર અંગેની માહિતી આપી દેવામાં આવી છે.

**DATE: 14/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

# ઝઘડિયાના આરોપીને પાસામાં ધકેલાયો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ઝઘડિયા તાલુકાના તલોદરા ગામે નવીનગરી ખાતે રહેતાં નરેશ રમણ વસાવા વિરૂદ્ધ ત્રણ જેટલાં મારામારીના ગુન્હા નોંધાયાં હોઈ પોલીસે તેની સામે પાસા કરવા માટેની ફાઈલ તૈયાર કરાઈ હતી. જેમાં જિલ્લા કલેક્ટરે આરોપીને રાજકોટ મધ્યસ્થ જેલમાં મોકલવાનો હુકમ કરતાં ઝઘડિયા પોલીસે તેને ઝડપી પાડી રાજકોટ મધ્યસ્થ જેલમાં મોકલી આપાયો હતો.

**DATE: 14/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### જોલવા ગામે ડિગ્રી વિના દવાખાનું ખોલી દવાઓ આપતો હતો

# દહેજમાં વેસ્ટ બંગાળનો વધુ એક બોગસ તબીબ ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચના દહેજ ઔદ્યોગિક વસાહતમાં મોટી માત્રામાં પરપ્રાંતિયો વસવાટ કરે છે. ત્યારે કેટલાંક ભેજાબાજો બોગસ તબીબ બનીને મેડિકલ પ્રેક્ટીસ કરતાં હોવાના બનાવો છાસવારે સામે આવી રહ્યાં છે. દરમિયાનમાં દહેજ પોલીસે જોલવા ગામેથી વેસ્ટ બંગાળના ડિગ્રી વિનાના ઝોલાછાપ તબીબને પોલીસે ઝડપી પાડ્યો હતો.

દહેજ પોલીસની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, જોલવા ગામે ભાડાની દુકાન રાખી ડોક્ટરી કરતાં એક શખ્સ પાસે મેડિકલ પ્રેક્ટિસનરની કોઈ ડિગ્રી નથી. જેના પગલે ટીમે સ્થળ પર દરોડો પાડ્યો હતો. ટીમે તપાસ કરતાં તબીબી પ્રક્ટિસ કરનાર શખ્સનું નામ બરૂન આદિત્ય વિશ્વાસ (રહે. નદીયા, વેસ્ટબંગાળ) હોવાનું માલુમ પડ્યું હતું. ટીમે તેની પાસે મેડિકલ પ્રેક્ટીસ માટે ગુજરાત મેડિકલ કાઉન્સીલમાં નોંધણી કરાવી હય તેવું માન્યતા પ્રાપ્ત સર્ટીફિકેટ રજુ કરવા કહેતાં તેની પાસે તે પ્રકારનું કોઈ સર્ટી મળ્યું ન હતું. ટીમે તે વિના ડિગ્રીએ જ એલોપેથિક મેડિકલ પ્રેક્ટિસ કરતો હોવાનું માલુમ પડતાં તેના દવાખાનામાંથી કુલ 7 હજારની મત્તાની વિવિધ દવાઓ તેમજ ઈન્જેક્શનો જપ્ત કરી તેની સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 15/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### ભરૂચ પોલીસે નર્મદા ચોકડી પાસે વોચ ગોઠવી હતી

# મધ્યપ્રદેશથી કારમાં દારૂ લાવતો બૂટલેગર ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ સી ડિવિઝન પોલીસને ચોક્કસ મેસેજ મળ્યાં હતાં કે, નબીપુર તરફથી આવતી એક કારમાં વિદેશીદારૂની હેરાફેરી થઇ રહી છે. જેના પગલે ટીમે હાઈવે પર નર્મદા ચોકડી પર વોચ ગોઠવતાં બાતમી મુજબની કાર આવતાં પોલીસે તેને રોકી હતી. કારમાં ડ્રાઈવરની સાઈડની તેમજ પાછળની સીટો પર દારૂનો જથ્થો મુકેલો જણાઇ હતી. પોલીસે દારૂ ભરેલી કાર ચલાવનાર સ્વપ્નિલ અજય ચૌહાણ ને ઝડપી પાડ્યો હતો. ટીમે કારમાંના દારૂના જથ્થાની ગણતરી કરતાં કુલ 32 પેટીમાં 1.55 લાખી વધુની મત્તાની વિદેશીદારૂ તેમજ બિયરની નાની મોટી 881 બોટલો મળી આવી હતી. જે અંગે તેની પુછપરછ કરતાં તેણે જણાવ્યું હતું કે, તેણે મધ્યપ્રદેશ જઇને ત્યાંના એક બારમાંથી દારૂ ખરીદી વેચાણના ઈરાદે ભરૂચ લાવ્યો હતો. પોલીસે એક મોબાઇલ તેમજ કાર તથા દારૂનો જથ્થો મળી કુલ 2.60 લાખથી વધુની મત્તાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

**DATE: 15/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### અંકલેશ્વર પોલીસની રતલામમાં કાર્યવાહી

# ચોરીનું સોનું ખરીદનાર સોની 5 મહિને ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ। અંકલેશ્વર

15 મી જાન્યુઆરી 2023 ના રોજ અંકલેશ્વર ના કેશવ પાર્કના મકાન નંબર 81 માં ઘરફોડ ચોરી થઇ હતી. જેમાં તસ્કરો સોના 1.53 લાખ રૂપિયા ના દાગીના અને 40 હજાર રોકડ મળી 1.93 લાખ રૂપિયા ની ચોરી કરી ફરાર થઇ ગયા હતાં. લાજપોર જેલ માંથી મૂળ એમ.પીના રીઢા ચોર જગદીશ , કલ્લુ ઉર્ફે પ્રકાશ અને સંજય ઉર્ફે હેમંતનો ટ્રાન્સફર વોરંટથી કબજો મેળવ્યો હતો. આરોપીઓના રીમાન્ડ મેળવવામાં આવતાં તેમણે અંકલેશ્વરમાંથી ચોરેલું સોનું મધ્યપ્રદેશના રતલામ ડોગરા નગર ખાતે રહેતા અજયકુમાર જવાહરલાલ સોનીને વેચ્યું હોવાની કબૂલાત કરી હતી. અંકલેશ્વર પોલીસે રતલામથી સોનીની ધરપકડ કરી તેને અંકલેશ્વર લઈ આવી છે. સોનીએ કેટલાં રૂપિયામાં સોનું ખરીદ્યું અને સોનું હાલ ક્યાં છે તેની તપાસ માટે રીમાન્ડ માગવામાં આવ્યાં છે.

**DATE: 15/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### ભરૂચમાં રથયાત્રાના રૂટ પર પોલીસનું સઘન ચેકિંગ : શહેરમાં પ્રથમ વખત આવી ઘટના બની

# મકાન ભાડે આપ્યાંની જાણ ન કરનાર 16 સામે ગુનો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

આગામી 20 જૂનના રોજ અષાઢી બીજે ભગવાન જગન્નાથ યાત્રા કાઢવામાં આવનાર છે. ત્યારે રથયાત્રા રૂટ પર શંકાસ્પદ શખ્સો તેમજ ભાડૂઆત નોંધણી નહીં કરનારા મકાન-દુકાન માલિકોનું ચેકિંગ હાથ ધર્યું હતું.જિલ્લામાં 20મી જૂનના રોજ અષાઢી બીજના દિવસે ભરૂચ, અંક્લેશ્વર તેમજ આમોદમા જગન્નાથ રથયાત્રા નિકળશે. શહેરના ફુરજા બંદરેથી 250 વર્ષથી ભોઈ સમાજ દ્વારા નીકળતી ઐતિહાસિક રથયાત્રા સાથે ઉડીયા સમાજ અને ઈસ્કોન દ્વારા, અંક્લેશ્વર અને આમોદમાંથી રથયાત્રા આ વખતે નિકળનારી છે. ભરૂચ શહેરની 3, અંક્લેશ્વર અને આમોદની 1-1 રથયાત્રા આ વખતે પરિભ્રમણ કરશે. ત્યારે ભરૂચ શહેરના ઐતિહાસિક રથયાત્રા રૂટ પર ભરૂચ એસપી ડો. લીના પાટીલની સૂચનાથી જિલ્લા કલેક્ટરના દ્વારા બહાર પાડેલાં વિવિધ જાહેરનામાઓને લઈને એસઓજીની ટીમે ખાસ ચેકિંગ હાથ ધર્યું હતું. જેમાં રૂટ પર શંકાસ્પદ ઈસમો તેમજ ભાડૂઆતોની નોંધણી નહીં કરનાર મકાન માલિકો સામે કાર્યવાહી હાથ ધરી હતી. ટીમે તપાસ કરતાં



વિસ્તારમાં 16થી જેટલાં મકાન માલિકોએ કે જૂના ભરૂચ વિસ્તારમાં આવેલાં તેમના મકાનો-દુકાનો ભાડેથી આપવા છતાં ભાડૂઆત અંગે જે તે પોલીસ સ્ટેશનમાં નોંધણી કરાવી ન હોવાનું માલુમ પડતાં એસઓજી પીએસઆઈ આર. એલ. ખટાણા તેમજ પીએસઆઈ આર. એસ. ચાવડાએ સ્ટાફ સાથે મળી એ ડિવિઝન વિસ્તારમાં 5 અને બી ડિવિઝન પોલીસ વિસ્તારમાં 11 મકાન-દુકાન માલિકો સામે ફરિયાદ નોંધાવી હતી.

## સુલેહ શાંતિ જળવાય તે માટે કાર્યવાહી

આગામી 20મી જૂને જગન્નાથ રથ યાત્રા યોજાયા બાદ બકરી ઈદ અને તે બાદ શ્રાવણ મહિનો શરૂ થવા સાથે તહેવારોની વણઝાર શરૂ થઈ જશે. ત્યારે શહેર જિલ્લામાં સુલેહ-શાંતી ભર્યુ વાતાવરણ રહે તે માટે એસપી ડો. લીના પાટીલની સૂચનાથી જરૂરી કાર્યવાહી શરૂ કરાઈ છે. આગામી દિવસોમાં પણ પોલીસનું ચેકિંગ ચાલુ રહેશે.» એ. એ. ચૌધરી, પીઆઈ, એસઓજી, ભરૂચ.

**DATE: 15/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATSAMACHAR PAGE–04**

# મારમારી કરી રૂ. ૨૭ હજારની લૂંટ કરનાર ચાર શખ્સ ઝડપાયા

અંકલેશ્વર તા.૧૪

અંકલેશ્વર-રાજપીપળા રોડ ઉપર આવેલી સોનમ સુરમ્ય સોસાયટી નજીક કાર ચાલકને આંતરી ચાર શખ્સોએ ઉછીના નાણા મુદ્દે મારામારી કરી મોબાઈલ અને રોકડા રૂ.૧૩ હજાર મળી કુલ રૂ.૨૭ હજારની લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા.

## લૂંટ ચલાવના ચાર શખ્સો સામે બનાવ બાદ ફરિયાદ નોંધાઈ હતી

અંકલેશ્વરના નવાગામ કરારવેલ ગામમાં રહેતા વિશાલ વિનોદ વસાવા ખાનગી કંપનીમાં ડ્રાઈવિંગ કરી પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે.ગતરોજ રાતે ઝઘડિયા જી.આઈ.ડી.સી.ની એબોર્ટ કંપની ઉપરથી ગાડીમાં સિક્યુરિટીના માણસોને અંકલેશ્વર ખાતે મૂકવા ગયા હતા ત્યાંથી પરત કંપની ઉપર જઈ રહ્યા હતા.

તે દરમિયાન અંકલેશ્વર-રાજપીપળા રોડ ઉપર આવેલી સોનમ સુરમ્ય સોસાયટી નજીક વાલિયા રોડ ઉપર આવેલ ગોપાલ નગર ખાતે રહેતો લક્ષ્મણ ભરવાડ, સંજય ભરવાડ અને અંકુર રાજપૂત સહીત ચાર શખ્સોએ તેને આંતરી લક્ષ્મણ ભરવાડે ઉછીના આપેલા રૂ.૫ હજાર તાત્કાલિક માંગતા વિશાલે તેને બે-ત્રણ દિવસમાં આપવાનુ કહેતા ચારેય યુવાનને અપશબ્દો ઉચ્ચારી કડા વડે માર મારી યુવાનના ખિસ્સામાં રહેલો એક ફોન અને રોકડા રૂ.૧૩ હજાર મળી કુલ રૂ.૨૭ હજારની લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા. જી.આઈ.ડી.સી. પોલીસે લૂંટ અંગેની ફરિયાદ નોંધી ગણતરીના કલાકોમાં લક્ષ્મણ ભરવાડ સહીત ચારેયને ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી હતી.

**DATE: 17/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–10**

### વૃક્ષો ધરાશાયી : ૩૬ વીજ પોલને નુક્સાન થયું

# ભરૂચમાં બિપરજોય વાવાઝોડાથી નહિવત નુકસાનથી લોકોને હાશકારો

## સાવચેતીના હેતુસર ભરૂચ નગરની શાળાઓ બંધ રાખવામાં આવી

। ભરૂચ ।

ભરૂચ જિલ્લાના લોકોએ બિપરજોય વાવાઝોડાની આગવી આગાહીના પગલે ઠેરઠેર પૂજાપાઠ અને વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજયા હતા. સર્વધર્મના લોકોએ એવી પ્રાર્થના કરી હતી કે, બિપરજોય વાવાઝોડાથી ભરૂચ જિલ્લાને કોઈ નુકશાન ન થાય. તે સાથે સાથે વહીવટી તંત્ર અને પોલીસ તંત્રએ પણ આ ભયાનક વાવાઝોડા સામે આગોતરી તૈયારી કરતા તમામના પ્રયાસોને સફળતા સાંપડી હોય તેમ અત્યાર સુધી એટલે કે તા.૧૯ મી જુનના બપોરના ૪ વાગ્યા સુધી બિપરજોય વાવાઝોડાના પગલે ભરૂચ જિલ્લામાં નહીવત નુકશાન નોંધાયુ છે.

આ નહિવત નુકશાનમાં ભરૂચ નજીક આવેલ શેરપુરા ગામ પાસે એક વૃક્ષ ધરાશાય થયુ હતુ તે મળીને જિલ્લામાં કુલ ૪ વૃક્ષો ધરાશાય થયા હતા. ૩૬ વીજ પોલને નુક્ષસન થયુ હતું હવામાન ખાતાના સુત્રોના જણાવ્યા અનુસાર આજે સવારે ૬ વાગ્યાથી બપોરના ૪ વાગ્યા સુધી ભરૂચ જિલ્લામાં નહિવત વરસાદ વરસ્યો હતો. જયારે સવારે ૬ કલાકે પુરા થતા ૨૪ કલાક દરમ્યાન આમોદ તાલુકામાં ૨ મીમી, જંબુસરમાં ૭ મીમી, વાગરામાં ૪ મીમી મળીને કુલ ૧૩ મીમી વરસાદ વરસ્યો હતો.

મળતી માહિતી મુજબ તાઉતે વાવાઝોડાની સરખામણીમાં બિપરજોય વાવાઝોડુ ભરૂચ જિલ્લા માટે એમ કહી શકાય કે, ખુબ સહજ સાબિત થયુ હતુ અને કોઈ નુકશાન થયુ ન હતુ. આજરોજ સાવધાની અને સાવચેતીના હેતુસર ભરૂચ નગરની શાળાઓ બંધ રાખવામાં આવી હતી. જો કે શાળા સંચાલકો સમયસર નિર્ણય ન કરી શકતા વિદ્યાર્થીઓ શાળા સુધી પહોંચી ગયા હતા જયાં આજે શાળા બંધ છે તેવા પાટીયા જણાતા વિદ્યાર્થીઓ પરત ફર્યા હતા. જો કે હજી ભરૂચ જિલ્લામાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

### આજે પણ બિપરજોય સંચારબંધી

ભરૂચ જિલ્લામાં આજે વહેલી સવારથી જ વાદળછાયુ વાતાવરણ રહ્યુ હતુ. એટલુ જ નહી પરંતુ ઝરમર વરસાદ પણ વરસ્યો હોવાના અહેવાલ સાંપડી રહ્યા છે ત્યારે બિપરજોય વાવાઝોડુ ત્રાટકશે તેવી ધારણાના પગલે ભરૂચ જિલ્લાના રહીશોએ ઘરની બહાર નીકળવાનું ટાળ્યુ હતુ પરિણામે આજે તા.૧૬મી જુનનો દિવસ બિપરજોય કર્ફયુનો દિવસ સાબીત થયો હતો.

**DATE: 17/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### અષાઢી બીજના દિવસે શહેરમાં બે રથયાત્રા નીકળશે

# ભરૂચ શહેરમાં જગન્નાથ રથયાત્રા પહેલાં શાંતિ સમિતિની બેઠક મળી

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ શહેરમાં અષાઢી બીજના દિવસે બે સ્થળોએથી રથયાત્રા નીકળશે જેના સંદર્ભમાં બી ડીવીઝન પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમિતિની બેઠક મળી હતી. જેમાં રથયાત્રાઓ કોમી એખલાસ અને ભાઈચારાના માહોલમાં સંપન્ન થાય તે માટે પોલીસે લીધેલા પગલાંઓની જાણકારી આપવાની સાથે તેમના સૂચનો સાંભળવામાં આવ્યાં હતાં.

ભરૂચ શહેરમાં આવેલાં ફૂરજા મંદિર તેમજ આશ્રય સોસાયટીમાં આવેલાં જગન્નાથજી મંદિર ખાતેથી અષાઢી બીજના દિવસે રથયાત્રાઓ નીકળવાની છે. રથયાત્રાઓ શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે માટે ભરૂચની લાલબજાર પોલીસ ચોકી ખાતે શાંતિ સમિતિના સભ્યોની બેઠક મળી હતી. પોલીસ સ્ટાફ તેમજ શહેરીજનો વચ્ચે સમરસ વાતચીત અને વિચારો વ્યક્ત થયા હતા, કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે હેતુથી પોલીસે કરેલી તૈયારીઓની જાણકારી આપવામાં આવી હતી તેમજ આગેવાનો તરફથી કરવામાં આવેલાં સૂચનો સ્વીકારવામાં આવ્યાં હતાં. બેઠકમાં પીઆઇ એમ. વી. તડવી, બી.એલ. મહેરિયા, પીએસઆઇ એમ. આઇ.સૈયદ, આર. એલ. ખાતના સહિતના અધિકારીઓ અને બંને કોમના આગેવાનો હાજર રહયાં હતાં.

**DATE: 17/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

## પોલીસે 17 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો

# ટંકારિયા ગામેથી જુગાર રમતાં 4 ખેલીઓ ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ તાલુકાના ટંકારિયા ગામે ખડીવાળી જગ્યાએ જુગાર રમતાં 4 ખેલીઓને પાલેજ પોલીસે ઝડપી પાડ્યાં હતાં. ઝડપાયેલાં આરોપીઓ પાસેથી રોકડાં રૂપિયા તેમજ એક મોબાઇલ મળી કુલ 17 હજારનો મુદ્દામાલ પોલીસે જપ્ત કર્યો છે.

ટંકારિયા ગામે ખળીવાળી જગ્યાએ મેદાનની દિવાલની પાછળ કેટલાંક શખ્સોએ જુગારની મહેફિલ જમાવી હોવાની ચોક્કસ બાતમીના આધારે પાલેજ પોલીસે ઘટના સ્થળે દરોડો પાડ્યો હતો. ટીમે જુગાર રમતાં આસીફ ઉમટા, યાસીન જીવા, શબ્બીરબાબરીયા તેમજ સલાઉદ્દીન ઉર્ફે કરકરીયાને પોલીસે ઝડપી પાડ્યાં હતાં. જ્યારે સરફરાજ ચાંદીયા નાસી છુટ્યો હતો. ટીમે તેમની પાસેથી રોકડા રૂપિયા 12 હજાર તેમજ એક મોબાઇલ મળી કુલ 17 હજારનો મુદ્દામાલ જપ્ત કરી તમામ વિરૂદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 17/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### કારની નંબર પ્લેટ પણ નકલી, વડોદરાના બૂટલેગરની ધરપકડ

# પોલીસે હાઈવે પરથી ફિલ્મી ઢબે પીછો કરી દારૂ ભરેલી કાર ઝડપી

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ એલસીબીએ નેશનલ હાઈવે પર કારનો પીછો કરી વડોદરા લઈ જવાતો વિદેશી દારૂ ઝડપી પાડયો છે. કારની તપાસ દરમિયાન તેની નંબર પ્લેટ ડુપ્લીકેટ હોવાનો ખુલાસો થયો હતો. વડોદરાના બુટલેગરની ધરપકડ કરી વધુ પૂછપરછ હાથ ધરવામાં આવી છે.

એસપી ડૉ. લીના પાટીલના માર્ગદર્શન હેઠળ લોકલ ક્રાઈમ બ્રાંચે નેશનલ હાઈવે પર મુલદ ચોકડી ઓવરબ્રિજ પાસે વોચ ગોઠવી હતી દરમ્યાન ઈકો કાર આવતા તેને રોકવાનો પ્રયત્ન કર્યો હતો જો કે કારના ચાલકે બ્રિજ નીચેના સર્વિસ રોડ ઉપરથી કાર ભગાવી મુકી હતી. પોલીસે કારનો પીછો કરી તેને અમરતપુરા ગામના પાટિયા પાસે આંતરી હતી. કારમાં તપાસ કરતાં તેમાંથી દારૂની બોટલો મળી આવી હતી. કારના ડ્રાઈવર અને વડોદરાના આજવા રોડ પર આવેલાં નહેરૂચાચા નગરમાં રહેતાં વિજય કાંતિ રોહિતની ધરપકડ કરી હતી. કાર પર નકલી નંબર પ્લેટ લગાવી કારમાં દારૂની ખેપ મારવામાં આવી હતી. પોલીસે 65 હજારના દારૂ સાથે કુલ 3.72 લાખનો મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી છે. આ કેસમાં વડોદરાના ધમાભાઈ નામના ઈસમને ફરાર જાહેર કરાયો છે.

**DATE: 17/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–07**

# કરારવેલમાં ગેરકાયદે માટીખનન, 1 કરોડનો મુદ્દામાલ કબજે

**મદદનીશ** કલેક્ટર, પ્રાંત અધિકારી તેમજ મામલતદારે પોલીસ બંદોબસ્ત સાથે આકસ્મિક દરોડા કરતાં ભૂમાફિયાઓમાં નાસભાગ

**અધિકારીઓએ** માટી ભરી આવતી 5 હાઈવા ટ્રક ઝડપી, ખોદકામ માટે પરવાનગી લીધી ન હતી



અંકલેશ્વર, ભરૂચઃ અંકલેશ્વર તાલુકાના કરારવેલ ગામમાં ચાલી રહેલા ગેરકાયદે માટીખનન ઉપર તંત્ર દ્વારા દરોડા પાડી સ્થળ પરથી માટી ભરેલા ૫ હાઈવા મળી કુલ રૂ.૧.૨૫ કરોડનો મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

અંકલેશ્વરના ગ્રામ્ય વિસ્તારોમાં મોટાપાયે માટીખનન ચાલી રહ્યું છે. ત્યારે અંકલેશ્વર મદદનીશ કલેક્ટર અને પ્રાંત અધિકારીને માહિતી મળી હતી કે, કરારવેલ ગામની સીમમાં ગેરકાયદે માટી ખનન ચાલી રહ્યું છે. જેના પગલે મદદનીશ કલેક્ટર અને પ્રાંત અધિકારી તેમજ મામલતદાર સહિતનો કાફલાએ પોલીસ બંદોબસ્ત સાથે આકસ્મિક દરોડા કરતાં ભૂમાફિયાઓમાં નાસભાગ મચી ગઈ હતી. જેમાં અધિકારીઓએ માટી ભરી આવતી ૫ હાઈવા ટ્રકને અટકાવી ચાલકો પાસે રોયલ્ટી પાસ માંગતાં તેઓ પાસે નહીં હોવાનું જણાવ્યું હતું. જેથી અધિકારીઓએ સ્થળ પર તપાસ કરતાં માટી ખોદકામ માટે કોઈપણ જાતની પરવાનગી લીધી ન હોવાનું સામે આવતાં સાદી માટીનું વહન કરતી ૫ હાઈવા ટ્રક મળી રૂપિયા ૧.૨૫ કરોડનો મુદ્દામાલ જપ્ત કરી તાલુકા પોલીસને હવાલે કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

**DATE: 17/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### ભરૂચમાં ભાડે અપાયેલા મકાનો પર પોલીસની ચાંપતી નજર

# ભાડૂઆતો મામલે બેદરકારી બદલ 9 મકાન માલિક સામે ગુનો દાખલ

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

ભરૂચના એ અને બી ડિવિઝન પોલીસ મથકના જગન્નાથ રથયાત્રાના રૂટ પર ચેકિંગ વેળાં કુલ 16 મકાન માલિકો કે જેમણે તેમના ભાડૂઆત અંગેની નોંધણી કરાવી ન હોઈ તેમની સામે ગુનો નોંધવામાં આવ્યો હતો. ત્યારે બન્ને પોલીસ સ્ટેશનની ટીમે પુનઃ વિસ્તારમાં નોંધણી વિનાના ભાડૂઆત અંગેનું ચેકિંગ હાથ ધરતાં માલીવાડ ખાતે આવેલાં કે જે. કોમ્પ્લેક્ષમાં ચેકિંગ વેળાં 5 મકાનના ભાડૂઆતની નોંધણી ન થઈ હોઈ તેના માલિકો બાનુબીબી પઠાણ, શકીલા કૈયુમ કાપડિયા, મિયાઝ એહમદ અબ્દુલ કરીમ શેખ, હાજરાબીબી ગુલામનબી મુન્શી તેમજ ફારૂક મુન્શી વિરૂદ્ધ ગુનો નોંધાયો નોંધાયો હતો.

એ ડિવિઝન પોલીસે પણ બહારની ઉંડાઈમાં મકાન ભાડે આપનાર ભાવના પટેલ , મીરા પાર્કના મકાનના માલિક હરવિંદરસિંગ સિંધુ, સોનેરી સ્કવેરના મકાન માલિક સાહિસ્તા મુન્શી તેમજ રહાડપોરના મુસ્તાકઅલી ઈબ્રાહિમ પટેલ વિરૂદ્ધ ગુનો નોંધ્યો હતો.

**DATE: 17/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

# ખીસ્સામાં ચપ્પુ લઈ ફરતો શખ્સ ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચના બરાનપુરા વિસ્તારમાં એ ડિવિઝન પોલીસની ટીમ રથયાત્રા તહેવારને લઈને ચેકિંગમાં હતી. તે વેળાં ભીખા ઠાકોર વસાવા (રહે. ખત્રીવાડ) ને રોકડી તેની શંકાના આધારે તલાશી લેતાં તેના ખીસ્સામાંથી ચપ્પુ મળી આવ્યું હતું. ટીમે તેની સામે જાહેરનામા ભંગનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 17/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### અમન માર્કેટમાં ભીષણ આગ લાગ્યાં બાદ પોલીસની કડક કાર્યવાહી

# અંકલેશ્વરમાં ગોડાઉનમાં આગ લાગવાના પ્રકરણમાં આખરે માલિક વિરુદ્ધ ફરિયાદ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અમન માર્કેટમાં લાગેલી આગ ના પગલે ભંગાર ગોડાઉન માલિક સામે તાલુકા પોલીસે ગુનો દાખલ કર્યો હતો. ભંગાર નો જથ્થો જીપીસીબી કે કોઈપણ મંજૂરી વગર રાખવામાં આવ્યો હોવાનું સામે આવતાં માલિક સામે કાર્યવાહી કરવામાં આવી છે.



બુધવારના રોજ અંકલેશ્વર કાપોદ્રા ગામ ની હદ માં તાપી લોજ માર્ગ પર અમન માર્કેટ માં વિકરાળ આગ ભભૂકી હતી. અને જ્વલનશીલ ભંગાર નો જથ્થો તેમજ કેમિકલ વેસ્ટ સહીત જથ્થો ભડકે બળ્યું હતું. જેને લોકોના આરોગ્ય, હવા પ્રદુષણ અને પર્યાવરણને હાનિ પહોંચી હતી. આગની આ ઘટનામાં પોલીસ દ્વારા કડક વલણ અપનાવતા ભંગારના ગોડાઉન સંચાલક વહીદ હુસેન શેખ સામે ગુનો નોંધ્યો છે. પંચાયત , જીપીસીબી તેમજ ફાયર વિભાગ સહીત અન્ય સંબંધિત વિભાગ પાસેથી ગોડાઉનના માલિકે મંજૂરી મેળવી ન હતી. ગોડાઉનમાં અને બહાર ખુલ્લી જગ્યામાં સળગી ઉઠે તેવા જ્વલનશીલ પ્લાસ્ટિક ભંગાર નો જથ્થો રાખ્યો હતો. લોકોને ત્રાસદાયક તથા હાનિ, ભય અડચણ પહોંચે તે રીતે રાખી સંપૂર્ણ બેદરકારી થી આગ લાગતા લોકોની તંદુરસ્તી ને નુકશાનકારક થાય તે રીતે ભંગાર રખાયું હતું. પોલીસકર્મી રાજેશની ફરિયાદના આધારે ગોડાઉન સંચાલક વહીદ હુસેન શેખ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

**DATE: 18/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### છાશવારે આગની ઘટનાને લઇ પોલીસે માલિકો સાથે બેઠક યોજી

# દરેક ગોડાઉનમાં ફાયર સેફ્ટીના સાધનો ફરજિયાત રાખવા પડશે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરમાં . પોલીસની ટીમો ગોડાઉનોમાં આકસ્મિક ચેકિંગ કરશે અને ફાયર સેફટીના સાધનો નહિ હશે તો માલિક સામે કાર્યવાહી કરાશે.

છાશવારે ભંગારના ગોડાઉનોમાં ભંગાર ની આડમાં કેમિકલ વેસ્ટથી માંડી બેનંબરી વસ્તુનો નિકાલની અનેકવાર ફરિયાદો ઉઠી હતી. ખાસ કરી ભંગારીયાઓ કોઈપણ જાતની મંજૂરી વગર કે સંબંધિત વિભાગની પરવાનગી વગર પર્યાવરણ અને માનવ જીવનને નુક્સાન કરે તેવા ક્ચરા ને લઇ આવી નિકાલ કરતા હોય છે. જેને લઈ અવારનવાર આગ ભભૂકી ઉઠી છે. તાજેતરમાં અમન માર્કેટમાં લાગેલી આગમાં જીપીસીબી કે અન્ય કોઈપણ વિભાગની જરૂરી મંજૂરી કે ફાયર એનઓસી વગર કે સેફટી ના સાધનો વગર જોખમી હાનિકારક વસ્તુ સંગ્રહ કરી હતી જેના કારણે આગ લાગી હોવાનું જણાતાં માલિક સામે ગુનો નોંધવામાં આવ્યો છે.નોબલ માર્કેટ, ન્યુ ઇન્ડિયા માર્કેટમાં ભંગાર તથા પ્લાસ્ટિકના ગોડાઉનમાં છાસ વારે આગ લાગવાના બનાવો બનતા હોય છે.જેમાં ઘણા બધા ગોડાઉન દુકાનોમાં ફાયર સેફ્ટીનો અભાવ જણાય આવ્યો છે તેમજ ગોડાઉન માલિકોની નિષ્કાળજી જણાય આવેલ છે.

### ભાડૂઆતની નોંધણી ન કરતાં કાર્યવાહી કરવામાં આવી

# ભરૂચમાં વધુ 5 માલિકો સામે જાહેરનામાના ભંગની ફરિયાદ

ભાસ્કરન્યૂઝ|ભરૂચ

ભરૂચમાં પોલીસ દ્વારા ભાડૂઆતની નોંધણી નહીં કરનારા માલિકો સામે કાર્યવાહી શરૂ કરી છે.

ભરૂચ પોલીસ દ્વારા શહેર જિલ્લામાં કાયદો અને સુરક્ષા જળવાઈ રહે તેવા પ્રયાસના ભાગરૂપે જિલ્લામાં ભાડૂઆતોની નોંધણી નહીં કરનારા મકાન-દુકાન માલિકો સામે કાર્યવાહી શરૂ કરી છે. ભરૂચ શહેરમાં એ અને બી ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં પહેલાં 16 અને બાદમાં 9 મકાનમાલિકો સામે કાર્યવાહી કરાઈ હતી.

જે બાદ પણ પોલીસે કામગીરી જારી રાખતાં વધુ 5 મકાન માલિકો કે જેમણે તેમના ભાડૂઆત અંગેની નોંધણી કરાવી ન હતી તેમની સામે ગુનો નોંધ્યો છે. જેમાં શહેરના લોઢવાણના ટેકરા પાસેના મકાનના માલિક ઉમેશ ઉર્ફે કુપેશ શંકર કહાર વિરૂદ્ધ એ ડિવિઝન પોલીસે જ્યારે માલીવાડના કે. એચ કોમ્પલેક્ષના ફ્લેટના માલિક નુરમહમદ જીરા ઉલ મૌલીક, અન્ય એક ફ્લેટના માલિક ઈસ્માઈલ સુલતાન મલેક તેમજ ત્યાં જ આવેલાં એક મકાનના માલિક શાકેરાબાનુ અબ્દુલ રીયાઝ કટરલીવાલા તેમજ પપીળી મહોલ્લાના મકાનના માલિક શફીકબેગનમ મસહદીએ તેમના મકાન-ફ્લેટ અન્યને ભાડેથી આપ્યાં હોવા છતાં તેમની નોંધણી જે તે પોલીસ સ્ટેશને કરી ન હોવાથી તેમના વિરૂદ્ધમાં ફરિયાદ નોંધી હતી.

**DATE: 18/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–09**

### ૪૦ કિ.મી.થી વધુ ઝડપે બસ હાંકવી નહીં

# નર્મદા મૈયા બ્રિજ પર અકસ્માત રોકવા એક્શન પ્લાન મૂકાયો

। ભરૂચ ।

ભરૂચ નજીક નર્મદા નદી પર આવેલ નર્મદા મૈયા બ્રિજ ઉપર છેલ્લા કેટલાક દિવસ અગાઉ સરકારી એસ.ટી.બસને અવરજવર અંગે પરમીશન આપવામાં આવી હતી. ગણતરીના ચાર-પાંચ દિવસોમાં જ સરકારી એસ.ટી. બસોના પાંચ કરતા વધુ અકસ્માતના બનાવો નર્મદા મૈયા બ્રિજ ઉપર બની ચુકયા છે. એટલુ જ નહી પરંતુ પુરઝડપે પસાર થતી એસ.ટી. બસોના પગલે અન્ય વાહન ચાલકોને પણ અકસ્માતના બનાવોનો સામનો કરવો પડયો હોય તેવી પરિસ્થિતિનું સર્જન પણ થયુ હતુ.

રીક્ષા, કાર અને મોપેડ જેવા વાહનો સાથે એસ.ટી.બસોના અકસ્માત સર્જાયા હતા તેવા સમયે એસ.ટી.તંત્રને એવી જાણકારી પ્રાપ્ત થઈ હતી કે, એસ.ટી.બસના ડ્રાઈવરો નર્મદા મૈયા બ્રિજ પરથી પુર ઝડપે એસ.ટી.બસ હંકારી રહ્યા છે જેના પગલે અકસ્માતના બનાવો વધુ વધી રહ્યા છે. આવી પરિસ્થિતિમાં એસ.ટી.બસના કર્તાહર્તાઓ દ્વારા તાકિદે એકશન પ્લાન તૈયાર કરવામાં આવ્યો અને એકશન પ્લાન મુજબ એસ.ટી. બસના ડ્રાઈવરોને સુચના આપવામાં આવી કે, નર્મદા મૈયા બ્રિજ પરથી ઓછી ઝડપે પસાર થવુ.

અત્રે નોંધપાત્ર બાબત એ છે કે, નર્મદા મૈયા બ્રિજ ઉપર મધ્યગુજરાત, દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર અને આંતરરાજયની બસોની અવરજવર નિયમિત રીતે થઈ રહી છે ત્યારે તમામ એસ.ટી.બસોના ડ્રાઈવરોને આવી સુચના આપવી તે શકય ન હોવાના પગલે ભીત પર અને ફ્લાયઓવર બ્રિજ પાસેના સર્વિસ રોડ ઉપર સુચના જણાય રહી છે. આ સુચનામાં સ્પષ્ટ શબ્દોમાં ડ્રાઈવરોને એસ.ટી.તંત્ર દ્વારા સુચના આપવામાં આવી છે કે, એસ.ટી.બસો ધીમી હાંકવી અને અકસ્માત ન સર્જાય તે માટે પુરતી તકેદારી રાખવી.

**DATE: 18/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–09**

# ભરૂચના મલેકવાડ વિસ્તારમાં જુગાર રમતા ત્રણ ઝડપાયા

| ભરૂચ |

ભરૂચના પીએસઆઈ પી.એમ. વાળાની ટીમે તેઓ પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન સોનેરી મહેલ મલેકવાડમાં મહમદ ઈમરાન મલેકના રહેણાંક મકાનમાં રેડ કરતા જુગારીયાઓ જુગાર રમતા રંગેહાથ ઝડપાયા હતા. જુગારીયાઓ હારજીતનો જુગાર રમી રહ્યા હતા.

ત્રણ જુગારીયાઓ પાસે રોકડા રૂપીયા તેમજ જુગાર રમવાના સાધનો તેમજ મોબાઈલ-૩ કિંમત રૂા.૨૫૦૦૦, અંગઝડતી, દાવપરના રૂપિયા ૬૫૨૬૨ સહિત કુલ કિંમત રૂા.૯૦૨૬૦ ના મુદ્દામાલ સાથે મોહંમદ ઈમરાન અબ્દુલ રસીદ મલેક, રહે.મલેકવાડ, ભરૂચ, સુરજ ઉર્ફે ભૂરો પ્રકાશભાઈ વારેકર,રહે. સાબુગઢ, એપાર્ટમેન્ટ, અમિત હેમંત શાહ, રહે.લલ્લુભાઈ ચકલા, ભરૂચની અટક કરવામાં આવેલ છે. અત્રે નોંધવુ રહ્યુ કે, આવનાર દિવસોમાં જયારે તહેવારો અને પર્વો આવી રહ્યા છે તેવા સમયે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થીતિ જાળવવા માટે ભરૂચ જિલ્લાપોલીસ તંત્રના વડા ડો.લીના પાટીલે દારૂ તેમજ જુગાર જેવી સામાજીક બદીઓની નાથવા માટે પોલીસ તંત્રને સુચના આપી છે તે મુજબ કામગીરી કરતા આ જુગારધામ ઝડપાયુ હતુ. એલસીબીએ ઝડપેલ આ જુગારધામ અંગે વધુ તપાસ ભરૂચ સીટી પોલીસ એ.ડીવીઝન કરી રહી છે. ભરૂચ જિલ્લા પોલીસવડા ડો. લીના પાટીલની સુચના અને માર્ગદર્શન હેઠળ એલસીબી પોલીસના પીઆઈ ઉત્સવ બારોટની સુચના અનુસાર પોસઈ તેમજ તેમની ટીમે નગરમાં ચાલતા જુગારધામો પર રેડ કરવાનું આયોજન કરાવાનું આયોજન કરાયું હતું.

## રૂા.૯૦૨૬૦નો મુદ્દામાલ જપ્ત કરી કાર્યવાહી કરાઈ

**DATE: 18/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–08**

# કોસમડી ગામેથી રૂા.૬૨ હજારનો દારૂ ઝડપાયો

અંકલેશ્વર તાલુકાના કોસમડી ગામના મોરાફળિયા પાસેની ઝાડી માંથી જીઆઈડીસી પોલીસે રૂા. ૬૨ હજાર ઉપરાંત નો વિદેશીદારૂ નો જથ્થો ઝડપી પાડી બુટલેગરને વોન્ટેડ જાહેર કરી તેને ઝડપી પાડવાની કવાયત હાથ ધરી છે. અંકલેશ્વર જીઆઈડીસી પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી. તે દરમ્યાન કોસમડી ગામનો ગિરીશ દાઉદ વસાવા કારમાં દારૂનો જથ્થો ભરી લાવી કોસમડી ગામે ઝાડીઓમાં ઉતારી રહ્યો હોવાની માહિતી ના આધારે રેડ કરતા ગિરીશ વસાવા કાર લઈ ફરાર થઈ ગયો હતો. પોલીસે રૂા. ૬૨.૪૦૦ ની કિંમતનો દારૂનો જથ્થો કબ્જે કરી ગિરીશ વસાવા વિરુદ્ધ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 18/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–08**

# નબીપુર પંથકમાં બાળકીને ભગાડી જનાર આરોપીને ઝડપી પાડતી પોલીસ

ભરૂચ જિલ્લા પોલીસ વડા ડો.લીના પાટીલની સુચના અનુસાર શરીર સંબંધી ગુનાઓના આરોપીઓની ઝડપી પાડવાની ઝૂંબેશ શરૂ કરવામાં આવી હતી. નબીપુર પોલીસ મથક ખાતે નોંધાયેલ ગુનાના ફરિયાદી બહેનની ભોગ બનનાર બાળકીને અજાણ્યો આરોપી લઈ ગયો હતો. તપાસ દરમ્યાન આરોપીની ઓળખ થતાં વિનોદ દલસુખ વસાવા, રહે.ડભાલીીને ભોગ બનનાર બાલિકા સાથે વાલીયા ખાતેથી શોધી કાઢયા હતા અને આરોપી સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે. આ બનાવ અંગે નબીપુર પોલીસના પીએસઆઈ કે.એમ.ચૌધરી તેમજ તેમના સ્ટાફે કામગીરી કરી હતી.

**DATE: 18/05/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–05**

# ભરૂચમાં રથયાત્રાને લઈ મહિલા સહિત બે પ્રોહિબિશનના આરોપીને પાસા

ભરૂચ: આગામી રથયાત્રાના તહેવારને લઈ ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે ઉદ્દેશથી વડોદરા રેન્જ આઇજી સંદીપસિંહ દ્વારા પ્રોહિબિશન તથા અસામાજિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા બુટલેગરો વિરુદ્ધ ગુજરાત પ્રિવેન્સ ઓફ એન્ટી સોશિયલ એક્ટિવિટીઝ એક્ટ (PASA) હેઠળ કાર્યવાહી કરવા સૂચનો જારી કરવામાં આવ્યાં હતાં. ભરૂચ જિલ્લામાં પ્રોહિબિશન અસામાજિક પ્રવૃત્તિ સાથે સંકળાયેલા અભિષેક ભરતભાઈ કહાર (રહે., લોઢવાડનો ટેકરો, ભરૂચ) ને અમદાવાદની સાબરમતી જેલ તેમજ હાજરાબીબી મહંમદ સિદ્દીક શેખ (રહે.,નાળિયેરી બજાર, ભરૂચ)ને પાસા એક્ટ હેઠળ રાજકોટ મધ્યસ્થ જેલ મોકલી આપતાં અસામાજિક પ્રવૃત્તિ કરતાં તત્ત્વો સહિત બુટલેગરોમાં ફફડાટનો માહોલ છવાયો છે.